૭૦૧/૧,૨૫૦

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૬ જૂન, ૨૦૧૦)**

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦) **સત્સંગ પ્રાજ્ઞ-૧ : પ્રશ્નપત્ર - ૧**

**નોંધ :- જમણી બાજુએ આપેલા અંક જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે.** (કુલ ગુણ : ૧૦૦)

## વિભાગ - ૧ : 'વચનામૃત'ના આધારે

**પ્રશ્ન. ૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. જેને કુશાગ્રબુદ્ધિ હોય તેને શાની પ્રાપ્તિ થાય છે ? ૨. એવો કયો અપરાધ છે જે ભગવાન માફ ન કરે ?
૩. બુદ્ધિવાળો શું જાણે છે ? ૪. જ્ઞાન કેવું છે ?

**પ્રશ્ન. ૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં)** [૪]

૧. નાસ્તિકપણું મટે ક્યારે ?
૨. વચ. ગ. પ્ર. ૬૦ પ્રમાણે વાસનાએ રહિત થવા કેવા વિચારને પામવું ? ત્યાર પછી તેને કેવું જણાય છે ?
૩. અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની તે કોણ છે ?
૪. વચ. ગ. પ્ર. ૩૭ પ્રમાણે ભગવાનના ભક્ત કેવા મોટા છે ?

**પ્રશ્ન. ૩ નીચે આપેલાં દૃષ્ટાંતોમાંથી કોઈ પણ એક દૃષ્ટાંત લખી તેનો સિદ્ધાંત સ્પષ્ટ કરો. (ચાર થી પાંચ લીટીમાં)** [૪]

૧. બાળકના હાથમાં ચિંતામણિ ૨. કિડિયારાનો રોગ ૩. બેડી-પાંજરાનું દૃષ્ટાંત

**પ્રશ્ન. ૪ નીચેના પ્રસંગોમાંથી કોઈ પણ બે પ્રસંગો અભ્યાસક્રમના વચનામૃતના સંદર્ભનું પ્રમાણ આપી સમજાવો. (ત્રણ થી ચાર લીટીમાં)** [૪]

૧. લંડનમાં સુવર્ણતુલા પછી તરત એક ભાઈ સ્વામીશ્રીનું અપમાન કરી ગયા.
૨. ગુણાતીતાનંદ સ્વામી કહેતા એક ક્ષણ મહારાજની મૂર્તિ ભૂલાય તો તાળવું ફાટી જાય એવું દુઃખ થાય.
૩. સૂરાખાચરે કુલટા સ્ત્રીને ડારો દીધો ......... વાસના દેહ છતાં જ ટાળવી.
૪. સ્વાદિયા નાગરે ગુણાતીતાનંદ સ્વામીનો ગુણ ગ્રહણ કર્યો.

**પ્રશ્ન. ૫ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો.** [૯]

૧. ભગવાન તે જીવોના કલ્યાણને ........ નિવૃત્તિ થઈ કહેવાય.
૨. જેને પંચ વર્તમાનમાં ........ સહજે જ હેત થાય છે.
૩. પોતપોતાના વર્ણાશ્રમનો ........ એકાંતિક ધર્મ કહીએ.

## વિભાગ - ૨ : 'ભગવાન સ્વામિનારાયણ જીવનચરિત્ર ભાગ ૧ તથા ૨' - નવી આવૃત્તિના આધારે

**પ્રશ્ન. ૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં)** [૧૨]

૧. નીલકંઠવર્ણીનું કલ્યાણકારી વનવિચરણ ૨. નીલકંઠવર્ણીએ કરાવેલું ઐશ્વર્ય દર્શન ૩. નીલકંઠવર્ણીએ આપેલાં વરદાનો

**પ્રશ્ન. ૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા)** [૮]

૧. હિંસક પ્રાણીઓને વશ કરતા નીલકંઠવર્ણી ૨. નીલકંઠવર્ણીનું નિર્માનીપણું ૩. ધર્મદેવને અસુરોએ આપેલો ત્રાસ

**પ્રશ્ન. ૮ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો. (પ્રસંગ વર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું)** [૧૨]

૧. મોહનદાસને એકાદશી વ્રતનો મહિમા સમજાવ્યો.
૨. મેમકા છોડી દેજો.
૩. ગોવિંદ સ્વામીને માયા મૂર્તિમાન મળે છે.
૪. મેઘજિતનો પરાભવ
૫. ગંગામાં વિદ્વત્સભામાં વાદ

**પ્રશ્ન. ૯ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો.** [૮]

૧. સિદ્ધવલ્લભ રાજા ૨. વ્યાપકાનંદ સ્વામી

## વિભાગ - ૩ : 'ધાર્મિક વિધાનો અને ભાવના' - નવી આવૃત્તિના આધારે (સામાન્ય જ્ઞાન નિબંધ)

**પ્રશ્ન. ૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. ભગવાનની અંગત મુલાકાત માટે કઈ વિધિ છે ?
૨. માનસી પૂજા એટલે શું ?
૩. વિસર્જન મંત્ર લખો.
૪. માંદગી કે વૃદ્ધપણાની અશક્તિને લીધે નિત્યપૂજા ન થઈ શકે ત્યારે શું કરવું ?
૫. શા માટે પ્રાતઃકાળે પૂજા કરવી જોઈએ ?

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને "સત્સંગ પ્રાજ્ઞ-૧-૧" પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

| | તારીખ | મહિનો | વર્ષ |
|---|---|---|---|
| પરીક્ષાર્થીની જન્મ તારીખ : | ☐☐ | ☐☐ | ☐☐☐☐ |

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

**પ્રશ્ન. ૧૧ નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં)** [૬]

૧. સ્વામિનારાયણ સંપ્રદાયમાં કંઠીની બે સેર શા માટે હોય છે ?

૨. સાષ્ટાંગ દંડવત્ પ્રણામમાં કયાં આઠ અંગોનો સમાવેશ થાય છે ?

૩. તમારું ઘર એવું હોય કે......

**પ્રશ્ન. ૧૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ એકનો મુદ્દાસર જવાબ લખો. (દસેક લીટીમાં)** [૩]

૧. ઘરમંદિર શા માટે ?   ૨. કંઠી શું છે ?

**પ્રશ્ન. ૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર ટૂંકનોંધ લખો. (પંદર થી વીસ લીટીમાં)** [૬]

૧. ઈષ્ટદેવની મૂર્તિપૂજાની વિશેષતા શી છે ?   ૨. તિલક-ચાંદલો શું છે ?

**પ્રશ્ન. ૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (સામાન્ય જ્ઞાન નિબંધ) (પાંત્રીસ થી ચાલીસ લીટીમાં)** [૧૫]

૧. પ્રામાણિકતા અને આરોગ્ય. (સ્વામિનારાયણ પ્રકાશ, નવે.-ડિસે. - ૦૮, પાના નં. ૪૩ થી ૪૬)

૨. પોતાના કર્મ : સુખ-દુઃખનું કારણ. (સ્વામિનારાયણ પ્રકાશ, સપ્ટેમ્બર - ૦૮, પાના નં. ૮ થી ૧૧)

૩. હું સંસ્થાનો અને સંસ્થા મારી. (સ્વામિનારાયણ પ્રકાશ, ફેબ્રુઆરી - ૦૯, પાના નં. ૪૨)

❋ ❋ ❋

**નોંધ :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૪ જુલાઈ, ૨૦૧૦ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**